# જન્મદિને વધામણી



**પ્રવિણાબેન વોરા**
નગરસેવક, વોર્ડ નં. ૮
ઉપપ્રમુખ, સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ, ગાંધીનગર



**મહંમદભાઈ રહેમાનભાઈ શેખ**
મો. ૯૦૪૪ ૪૧૯૨૨

## સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ મહિલા પાંખ દ્વારા સરકારી પ્રાથમિક શાળામાં રમતોત્સવનું આયોજન

ગાંધીનગર, તા. ૬

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ મહિલા પાંખ દ્વારા સેક્ટર-૨ અને સેક્ટર-૨૨ની સરકારી પ્રાથમિક શાળામાં રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પ્રથમ ત્રણ ક્રમે વિજેતા થનારા વિદ્યાર્થીઓને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. ઉપરાંત રમતોમાં ભાગ લેનારા તમામ વિદ્યાર્થીઓને નોટબૂક, બિસ્કીટ, ચીકી અને ચૉકલેટ ભેટ આપવામાં આવી હતી. આ માટેનું સૌજન્ય સુમનબેન શાહ તથા જશુબેન ઠક્કર તરફથી પ્રાપ્ત થયું હતું. આ કાર્યક્રમમાં આશાબેન દોશી, મીનાબેન શાહ, શર્મિષ્ઠાબેન દવે, અનીલાબેન રાણા, પ્રતિભાબેન દવે, કુસુમબેન તથા પ્રિયંવદાબેનની સેવાઓ પ્રાપ્ત થઈ હતી.

સરકારી વિનયન કૉલેજ, ગાંધીનગર ખાતે

# સ્પર્ધાત્મક પરીક્ષા અને કારકિર્દી ઘડતર વિષયે વ્યાખ્યાન યોજાયું

## કારકિર્દી ઘડતર અંગે રસપ્રદ પ્રયોગાત્મક ચર્ચા કરાઈ

ગાંધીનગર, તા. ૬

સરકારી વિનયન કૉલેજ, ગાંધીનગર ખાતે મનોવિજ્ઞાન વિભાગ અને ઉદ્દિશાના સંયુક્ત ઉપક્રમે સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને કારકિર્દી ઘડતર વિષયે સુભાષ કટારેના પ્રેરણાત્મક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓ સાથે આંતરક્રિયા કરી કારકિર્દીનું આયોજન કેવી રીતે કરવું તે અંગે રસપ્રદ પ્રયોગાત્મક ચર્ચા આ કાર્યક્રમ અંતર્ગત કરવામાં આવી હતી. કૉલેજના વ્યાખ્યાતાઓએ પણ હાજરી આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. આચાર્ય ડૉ કે કે વૈષ્ણવ તથા કૉમર્સ કૉલેજના આચાર્ય દેસાઈ સાહેબે આ પ્રસંગે ઉદ્બોધન આપતાં વિદ્યાર્થીને પોતાની કારકિર્દી માટે કેવી રીતે આયોજન કરવું તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. મનોવિજ્ઞાન વિભાગના અધ્યક્ષ ડૉ. રસિક મેઘનાથીએ વિદ્યાર્થીઓને ઉદ્દિશાની પ્રવૃત્તિથી વાકેફ કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા. પાર્વતીબેન ગોસ્વામી અને ઋણ સ્વીકાર ડૉ. નિલેશ ગઢવીએ કર્યો હતો.

# શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે કારકિર્દી વિષયક વ્યાખ્યાનનું આયોજન થયું

## ક્વૉલિફિકેશન હશે પણ આવડત અને જાણકારી નહીં હોય તો સફળતા નહીં મળે : ડૉ. પરેશ પંડ્યા

ગાંધીનગર, તા. ૬

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે કારકિર્દી વિષયક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

બૅચલર ઑફ આર્ટ્સ પછી આગળ અભ્યાસ માટે કયું ક્ષેત્ર પસંદ કરી શકાય, વધુ અભ્યાસ કયા ક્ષેત્રમાં કરી શકાય તે બાબતો અંગે ડૉ. પરેશ પંડ્યા દ્વારા વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું.

ક્વૉલિફિકેશન હશે પણ આવડત અને જાણકારી નહીં હોય તો સફળતા નહીં મળે એમ ડૉ. પંડ્યાએ વિદ્યાર્થીનીઓને આ માહિતી આપતાં જણાવ્યું હતું.

૩૦૦ વિદ્યાર્થીનીઓ સાથે કૉલેજનો સ્ટાફ પણ આ વ્યાખ્યાન સાંભળવા ઉપસ્થિત રહ્યો હતો. આચાર્ય ડૉ. ઊર્મિલાબેનના ચૌધરીના માર્ગદર્શન હેઠળ કાઉન્સેલિંગ કમિટીના સંયોજક પ્રા. સજ્જનબેન ચૌધરી અને ડૉ. લિના સ્વાદિયા દ્વારા આ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું,

ગાંધીનગર સહિત

# રાજ્યભરમાં ૧૧૦ સ્થળોએ પુસ્તક પરબનું આયોજન થયું



ગાંધીનગર, તા. ૬

માતૃભાષા અભિયાન દ્વારા, દર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તકની પરબનું આયોજન થાય છે. જે અંતર્ગત વિના મૂલ્યે શિષ્ટ સાહિત્યનાં પુસ્તકોનું વિતરણ કરવામાં આવે છે. અને ભેટમાં પુસ્તકો, દાન સ્વરૂપે સ્વીકારવામાં આવે છે. પ્રથમ પુસ્તક પરબ ૨ ઑક્ટોમ્બર – ૨૦૧૩માં શરૂ કરવામાં આવેલ હતી, સતત ૩ વર્ષથી ચાલતી આ પરબમાં આશરે ત્રણ લાખથી વધુ શિષ્ટ સાહિત્યનાં પુસ્તકોની આપ-લે થયેલ છે. તા. ૫ ફેબ્રુઆરી, ૨૦૧૭ રવિવારના રોજ સવારે ૭:૩૦ થી ૯:૦૦ દરમિયાન ગાંધીનગર ઉપરાંત અમદાવાદમાં ૩૪ સ્થળે પુસ્તકની પરબનું આયોજન થયું હતું. જે અંતર્ગત અમદાવાદમાં ૨૩૪૫ પુસ્તકોની આપ-લે થઈ હતી. અને સમગ્ર ગુજરાતની ૧૧૦ પુસ્તક પરબમાં ૫૯૪૦ પુસ્તકોની આપ-લે થઈ હતી.

અમદાવાદમાં વસ્ત્રાપુર તળાવ, હિંમ્મતલાલ પાર્ક, તળાવ(કાંકરીયા ગેટ.નં-૧), નરોડા તળાવ, પ્રહલાદનગર ગાર્ડન, પરિમલ ગાર્ડન, વાસણા પ્રજાપતિ ગાર્ડન, મલાવ તળાવ પાસે (જીવરાજ પાર્ક), સરકારી ટ્યુબવેલ(બોપલ), શુકાન ઉદ્યાન(આંબાવાડી), ઉસ્માનપુરા ગાર્ડનમાં, ચાંદખેડા(બેંક ઑફ બરોડા પાસે), સરખેજ (એ.એમ.ટી.એસ બસ સ્ટેન્ડની સામે), વેજલપુર-બુટ ભવાની મંદિર પાસે, પ્રગતિનગર ગાર્ડન, થલતેજ- બાગબાન પાર્ટી પ્લોટ પાસે, લલિતા સોસાયટી(ઈસનપુર), ફતેહપુરા(ધનવંતરી ગાર્ડન), પીકર્સ ચાલી અનિલ મિલ રોડ(સરસપુર), ઓઢવ(ગાયત્રી મંદિર), નવરંગપુરા (જોગર્સ પાર્ક), ન્યૂ રાણીપ (આનંદ પાર્ટી પ્લોટ રોડ), કુંજમોલની સામે-નિકોલ, સ્મૃતિ મંદિર (ઘોડાસર), વસ્ત્રાલ–નિરાત ચોકડી, મેઘાણીનગર ગાર્ડન, ભૂયંગદેવ, સી.ટી.એમ, દૂધવાળી ચાલી (બહેરામપુરા), પંચરત્ન એપાર્ટમેન્ટ(બોડકદેવ), પુનિતાપાર્ક શોપીંગ સેન્ટર સામે (આંબાવાડી), સાંઈ મંદિર દૂરદર્શન કેન્દ્રની બાજુમાં થલતેજ, તિલક ગાર્ડન-ગુરૂકુલ, સાબરમતી જેલ ખાતે પુસ્તકની પરબનું આયોજન થયું હતું.

**ડાયરેક્ટ ❤ સે**

રોટલો રળતાં નહીં
રોટલાને મીઠો બનાવતાં
શીખવે
એનું નામ કેળવણી

**મનોરંજન**

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
રઈસ
૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦
**સ્ક્રીન-૨**
કુંગ ફુ યોગા (હિન્દી)
૧.૦૦, ૪.૦૦, ૧૦.૧૫
કુંગ ફુ યોગા (અંગ્રેજી)
૭.૦૦
**સ્ક્રીન-૩**
ધ ગ્રેટ વૉલ (૩ડી, અંગ્રેજી)
૧૨.૩૦, ૬.૩૦
રૅસીડૅન્ટ ઍવિલ (૩ડી, અંગ્રેજી)
૨.૩૦, ૮.૩૦
રૅસીડૅન્ટ ઍવિલ (૩ડી, હિન્દી)
૪.૩૦
**સ્ક્રીન-૪**
શુભ આરંભ (ગુજરાતી)
સવારે ૧૦.૦૦
કાબિલ
૧૨.૪૫
સુપરસ્ટાર (ગુજરાતી)
૩.૪૫
દંગલ
૬.૪૫
ગુજ્જુ રૉક્સ (ગુજરાતી)
૯.૪૫
**સ્ક્રીન-૫**
કુંગ ફુ યોગા (હિન્દી)
સવારે ૧૦.૦૦
રઈસ
૧૨.૩૦
કાબિલ
૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

હરે કૃષ્ણ મંદિર, ભાડજ ખાતે

# ગુરુવારે શ્રી નિત્યાનંદ ત્રયોદશી ઉજવાશે

## સાંજે ૮ વાગે મહા મંગલા આરતી અને ૮.૧૫ વાગે પાલકી ઉત્સવનું આયોજન

ગાંધીનગર, તા. ૬

હરે કૃષ્ણ મંદિર, ભાડજ તા. ૦૯ ફેબ્રુઆરી, ૨૦૧૭ને ગુરૂવાર ના રોજ શ્રી નિત્યાનંદ ત્રયોદશી મહોત્સવની ઉજવણી કરી રહ્યું છે. જે પ્રભુ નિત્યાનંદના અવતરણનો પવિત્ર દિવસ છે જેઓ સાક્ષાત્ ભગવાન શ્રી બલરામનો અવતાર અને શ્રી ચૈતન્ય મહાપ્રભુ (ભગવાન શ્રી કૃષ્ણના સ્વરુપ) ના મુખ્ય સહયોગી છે. ભગવાન શ્રી નિત્યાનંદ "નિતાઈ" તરીકે પણ ઓળખાય છે જેઓ પશ્ચિમ બંગાળના એકચક્ર ગામમાં પ્રગટ થયા હતા. શ્રી ચૈતન્ય મહાપ્રભુનાં હરીનામ સંકિર્તન કરવાનાં ઉદ્દેશમાં મુખ્ય સહાયક હતા તેમજ પરમ દયાળુ ભગવાને પૂર્ણ પુરુષોત્તમ ભગવાનના પ્રેમનો પ્રસાર કર્યો હતો અને ઘણી લીલાઓ કરી જેવી કે પાપી આત્માઓ જગાઈ અને મધાઈ ને છુટકારો અપાવ્યો હતો. ગૌડીય-વૈષ્ણવો આ દિવસે બપોર સુધી ઉપવાસ કરે છે. હરે કૃષ્ણ મંદિર, ભાડજ ખાતે ખૂબ જ અલૌકિક રીતે શણગારેલ શ્રી શ્રી નિતાઈ ગૌરાંગ ની પ્રતિમાની સાંજે પાલકી નિકાળવામાં આવશે જેમાં સૌ ભક્તો જોડાશે અને ઉલ્લાસપૂર્વક હરીનામ સંકિર્તન કરશે. ભગવાનને પવિત્ર નદીઓમાંથી એકત્રિત કરેલ જળના ૧૦૮ કળશ દ્વારા અભિષેક કરાવવામાં આવશે. ત્યારબાદ નિત્યાનંદ પ્રભુની કિર્તીનું મહતા દર્શાવતી આરતી સુંદર રીતે કરવામાં આવશે. ૧૦૮ પ્રકારના વિવિધ પકવાનનો ભોગ ભગવાનને અર્પણ કરવામાં આવશે.

આ ઉજવણી અંતર્ગત તારીખ ૦૯ ફેબ્રુઆરી ને ગુરુવારના રોજ મહા અભિષેક સાંજે ૭.૦૦ વાગે, મહા મંગલા આરતી સાંજે ૮.૦૦ વાગે તથા પાલકી ઉત્સવ સાંજે ૮.૧૫ વાગે યોજવામાં આવ્યો છે.

# શ્રી જે બી પ્રાથમિક શાળાનો વિદ્યાર્થી નિબંધ લેખનમાં રાષ્ટ્રકક્ષાએ ઝળક્યો

## અર્જુન પટેલે રાષ્ટ્રકક્ષાએ દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યું

ગાંધીનગર, તા. ૬

પૅટ્રોલિયમ કન્ઝર્વેશન રિસર્ચ ઍસોસિએશન અને નિસર્ગ સાન્યસ સૅન્ટરના સંયુક્ત ઉપક્રમે શુદ્ધ પર્યાવરણ અને સ્વાસ્થ્ય માટે તેલ બચત વિષયે સંસ્કૃતમાં નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળામાં ધોરણ-૮ ઈમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી અર્જુન માયારામભાઈ પટેલે રાષ્ટ્રીય કક્ષાએ દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરી પુરસ્કાર રૂપે રૂા. ૧૫ હજાર રોકડા, લૅપટૉપ અને શિલ્ડ પ્રાપ્ત કર્યો હતો.

શાળાનું, શહેરનું અને રાજ્યનું નામ રોશન કરનાર આ વિદ્યાર્થી તથા તેના માર્ગદર્શક વિજ્ઞાન શિક્ષકોને આચાર્ય નીવાબેન પટેલ તથા શાળા પરિવારે બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# બેમતલબની અપેક્ષાઓ છોડો ને આનંદ પ્રાપ્ત કરો

અમેરિકાના જાણીતા ફિક્શન રાઈટર જુડી પીકોલ્ટ ખૂબ સારા તત્વચિંતક અને લેખક. ફિક્શન રાઈટીંગ માટે આખી દુનિયામાં જુડીનું નામ ખૂબ આદરથી લેવાય. ૨૦૦૩માં 'ન્યુ ઈંગ્લેન્ડ બૂક સેલર એવોર્ડ' પણ જુડીને મળ્યો છે. એમની રચનાઓની ૧૪ મિલીયનથી પણ વધુ પ્રત વેચાઈ છે. માનવીના સંતાપ માટે જુડીએ સરસ વાત લખી છે કે, 'માનવી પાસે તેના જીવનને પ્રફુલ્લિત રાખવા માટેના બે જ માર્ગો છે : એક તો જે પણ પરિસ્થિતિ છે એનો વાસ્તવવાદી બનીને સ્વીકાર કરી લેવો અથવા અપેક્ષાઓ ઘટાડી નાખવી.'

એક બહેનના દીકરાનું પરિણામ એમણે રાખેલી અપેક્ષા અનુસાર ન આવતાં ખૂબ દુઃખી થઈ ગયા. બહેનની ઈચ્છા હતી કે, એમનો એકનો એક દીકરો સીએ બને અને પરિવારનું નામ રોશન કરે. દીકરાના પરિણામ પછી આ બહેન ડિપ્રેશનમાં આવી ગયા. એમને દુનિયા ખૂબ વિરાન લાગવા માંડી. એવા તબક્કે એમના પારિવારિક મિત્રએ બહેનને સમજાવ્યા કે, 'માત્ર સીએ બનવું એ જ જીવનની સફળતા નથી. સચિન તેંડુલકર ક્યાં સીએ હતો ? સુનિતા વિલીયમ કઈ યુનિવર્સિટીની સીએ હતી ? મહાન ફૂટબોલ પ્લેયર પેલે કે સદીનો મહાનયક અમિતાભ બચ્ચન સીએ ક્યાં છે ? આમ છતાં પણ સચિન તેંડુલકર, અમિતાભ બચ્ચન, પેલે સફળતમ વ્યક્તિઓની શ્રેણીઓમાં આવે છે. તમારો દીકરો કદાચ બહુ મોટો સર્જક પણ બની શકે કે પછી ખેલાડી પણ બની શકે અથવા કલાકાર પણ બની શકે.'

શાંતિનો પ્રારંભ હંમેશા અપેક્ષાઓના અંત આવ્યા પછી જ થાય છે. લોકોને શા માટે દોષ આપવો પડે ? સૌથી મોટી તકલીફ તો આપણા પોતાના મનની અંદર આપણે જ ઊભી કરેલી ઈચ્છા-અપેક્ષાઓ મોટા મોટા પેકેટની જ હોય છે. જરૂર છે લોકોને તથા પરિસ્થિતિને જેવી છે તેવી રીતે સ્વીકાર કરવાની. દોષ તો એ છે કે, લોકો પાસે આપણે અપેક્ષાઓ વધારે રાખીએ છીએ. સીધી સાદી ત્રણ બાબત મનમાં ઉતારી લેવી જોઈએ. એક ક્યારેય અપેક્ષા ન રાખવી. બીજું ક્યારેય અનુમાનોમાં ન રાચવું અને ત્રીજું ક્યારેય માગણીઓ ન રાખવી. માત્ર સાક્ષી ભાવે જોવામાં મજા અનેરી હોય છે. જે થાય છે, એને તમે રોકી તો શકવાના નથી. જે થાય છે તે થઈને જ રહે છે અને એટલે જ જે ઘટના બને છે એને બનવા દો. ઘટનાની અપેક્ષા વગર મોજથી એને જોતા રહો.



જ્યારે કોઈની પાસે કંઈક અપેક્ષા રાખીએ અને એ પૂરી ન થાય અને આપણે વ્યથીત થઈએ ત્યારે એ વ્યક્તિનો વાંક કાઢવો ખોટો છે. ખરેખર તો તમે સંતાપ ભોગવવા માટે પોતે જ પૃષ્ઠભૂમિ તૈયાર કરી છે. વિશ્વભરમાં ખૂબ આદરથી વંચાતા એવા વિલિયમ સેક્સપિયરે પણ નોંધ્યું છે કે, 'અપેક્ષાઓ જ હૃદયમાં દુઃખાવાનું મૂળ કારણ છે.'

તમે લોકો માટે ત્યાં સુધી જ સારા છો જ્યાં સુધી એમને તમારી પાસે કોઈપણ પ્રકારની અપેક્ષા નથી. સાથે સાથે એ લોકો પણ તમારા માટે ત્યાં



**આત્મનાદ**
પુલક ત્રિવેદી

સુધી જ સારા છે જ્યાં સુધી તમારી એમની પાસે કોઈ ઉમ્મીદ નથી. માણસ માણસને ક્યારેય છેતરતો નથી, બીજા પાસેની રાખવામાં આવેલી અપેક્ષાઓ જ માણસને છેતરતી હોય છે. ઉકળતા પાણીમાં પ્રતિબિંબ જોઈ ના શકાય. શાંત, શીતળ જળમાં સ્પષ્ટ ચહેરો દેખાય. અપેક્ષાઓના ઉકળતા પાણીમાં ખુશીઓનો ચહેરો જોવા ન જ મળે. પણ અપેક્ષા વગરના શાંત અને પ્રફુલ્લિત ચિત્તમાં આનંદનું પ્રતિબિંબ દેખાઈ આવે.

મતલબ અને અપેક્ષાઓનું વજન ખૂબ હોય છે, જ્યારે એ નીકળી જાય એટલે સંબંધ બિલકુલ હળવો ફૂલ બની જાય છે.

સામાન્ય રીતે અડધાં દુઃખ તો ખોટા માણસો ઉપર ઉમ્મીદ લગાવીને બેસવાથી ઊભા થતાં હોય છે. અને બીજા અડધાં સાચા અને સારા લોકો પર વિશ્વાસ ન રાખવાથી થતાં હોય છે. અમેરિકન તત્વચિંતક અને લેખક બેન્જામીન ફ્રેન્કલીન નોંધે છે કે, જીવનમાં સૌથી પીડાદાયક વાત તો એ છે કે, 'આપણે મોટા તો થઈ જઈએ છીએ પણ સમજદાર બહુ પાછળથી બનીએ છીએ.' અપેક્ષાઓના બેલગામ ઘોડા ઉપર એટલી બધી આસાનીથી આપણે સવાર થઈ જઈએ છીએ અને પછી અપેક્ષાઓ પરિપૂર્ણ ન થતાં નિશ્ચિતપણે ઉંધેકાંધ નીચે પછડાઈએ છીએ. સૌથી મોટી તકલીફ તો એ છે કે, આપણે માનીએ છીએ કે, આપણી પાસે જે કંઈ છે એ બોગસ અને નકામું છે. જ્યારે સામેવાળી વ્યક્તિ પાસે જે કાંઈ છે, એ મારા કરતાં સારું છે, મજાનું છે અને શ્રેષ્ઠ છે. મને એની પાસે જે છે એ મળે તો સારું. આવી અપેક્ષા હંમેશા દુઃખના વમળમાં ઢસડી જાય છે. નાહકનું દર્દ પેદા કરે છે. ઉપેક્ષા અને અપેક્ષા આ ત્રણ-ત્રણ અક્ષરના બે શબ્દો પાછળ આખી જિંદગીના આનંદ અને ઉલ્લાસના ખજાના માણસ ખલાસ કરી નાખતો હોય છે.

કોઈને તમારા અરમાન સંતોષવાની કે તમારી ખુશીઓની પડી નથી હોતી. એ સ્વાભાવિક પણ છે કે કોઈ તમારી ખુશીની કેમ ચિંતા કરે ? એને તો એના જ આનંદની અને સ્વાર્થની પડી હોયને ! તમારો આનંદ, તમારા સપનાં સ્વયં તમારે ખોજવાના હોય. આ માટે અન્ય ઉપર રાખવામાં આવેલી અપેક્ષા જ વધારે પડતી છે.

અપેક્ષા એટલે લેવાની વાત. અપેક્ષા એટલે માગવાની વાત. જ્યાં લેવા અને માગવાની વાત આવે ત્યાં લાગણીની વાત ન હોય. ત્યાં તકલીફો જન્મે. નદી વહેતી જાય અને આપતી જાય એટલે એનું જળ મીઠું હોય, સાગર લેતો જાય એટલે એનું જળ ખારું. કોઈ પાસેથી લેવાની અપેક્ષા હોય એટલે ખારાશ જ આવે. જીવન બીચારું બાપડું અને દયામણું જ લાગે. કોઈપણ અપેક્ષા વગર જીવવાની કેવી મજા હોય એ તો જ્યારે અપેક્ષાઓ છોડીએ પછી ખ્યાલ આવે. કોઈ પણ અપેક્ષા આકાંક્ષા વગર આનંદના આકાશમાં મુક્ત મને ઉડવાની કેવી મોજ હોય એનો અહેસાસ જ અનેરો હોય છે. ઓશો કહે છે, 'પકડવું બહુ આસાન છે છોડવું જ અઘરું છે.' અપેક્ષાઓ છોડી જુઓ. એકવાર અપેક્ષા છોડીને જીવવાની આદત પડે પછી તો મજા છે, મસ્તીના મહાસાગરમાં મહાલવાની. અપેક્ષાઓ ન હોય તો હિમાલય જેવડી મોટી મુશ્કેલીઓ નાની અમથી રાઈના દાણા જેવી લાગે. ખરેખર તો અપેક્ષાની ઉપેક્ષા એટલે આનંદ. યારો, અપેક્ષાઓ છોડો, આનંદ કરો.

**: ધબકાર :**

'અપરાધ જો ગણો તો એટલો જ કે સંભવ ન હતો ત્યાં મેં અપેક્ષાઓ કરી દીધી...'

-ભગવતીકુમાર શર્મા

# ગર્લ્સ ચાઈલ્ડ ડે નિમિત્તે આયોજિત રમતોમાં દીકરીઓએ બાજી મારી

ગાંધીનગર, તા. ૬

નૅશનલ ગર્લ્સ ચાઈલ્ડ ડેની ઉજવણી રિક્રીએશન ક્લબ, જીઈબી અને સ્વામિ યોગાનંદ વિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે વિવિધ સ્પર્ધાઓ સાથે યોજાઈ હતી. થર્મલ પાવર સ્ટેશનના ચીફ ઍન્જિનીયર ઍસ ઍસ ગામીત, ડીજીઍમ ડી કે જોષી, અધિક્ષક ઈજનેર ડી ઍન પટેલ, ડી ઍમ દવે, કાર્યપાલક ઈજનેર ઍલ ઍચ વાળા, રિક્રીએશન ક્લબના સૅક્રેટરી કે ઍમ પટેલ, મહિલા મિલન મંડળના પ્રમુખ રાધાબેન ગામીત આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. સ્વામી યોગાનંદ વિદ્યાલયના ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓએ આ પ્રસંગે આયોજિત વિવિધ રમતોમાં ભાગ લીધો હતો.

'બેટી બચાવો, બેટી પઢાવો' વિષયે વિભિન્ન સ્પર્ધાઓનું આયોજન આ ઉજવણી અંતર્ગત કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીનીઓએ વિજેતાપદ પ્રાપ્ત કરવામાં બાજી મારી હતી.

બાલમંદિરની ફેન્સી ડ્રેસ સ્પર્ધામાં અનુક્રમે મિતરાજ રાણા, અક્ષા પરમાર અને પરમાર વિધિ, ધો. ૧થી ૩ની ફેન્સી ડ્રેસ સ્પર્ધામાં સાઈમાબાનુ પિંજારા, હિરલ સિંધા, ધૃવી સાધુ, ધોરણ-૪,૫ની ચિત્ર સ્પર્ધામાં સંગીતા ગોહિલ, શિવમ પરમાર, મોહિત ચૌધરી, ધોરણ-૬,૭ની નિબંધલેખન સ્પર્ધામાં કશીશ શ્રીમાળી, નિકુંજ પરમાર, તમન્ના શેખ અને ધોરણ-૮,૯ની વક્તૃત્વ સ્પર્ધામાં ભાવિકા સિંધા, સિદ્ધિ સિંધા અને બાસિમ મનસુરી અનુક્રમે વિજેતા બન્યા હતા.

પ્રત્યેક સ્પર્ધામાં પ્રથમ ત્રણ ક્રમે વિજેતા થનારા વિદ્યાર્થીઓને ઍસ ઍસ ગામીતના હસ્તે ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્ય જયંતીભાઈ વી પટેલે કર્યું હતું.

# વાચકોને આમંત્રણ

## સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારી યાદગાર સ્કૂલ'**